# નિયાણુ

'નિયાણુ' એ જૈન શાસ્ત્રોનો પારિભાષિક શબ્દ છે. સંસ્કૃત 'निदान' શબ્દ ઉપરથી તે આવેલો છે. પ્રાકૃતમાં 'નિયાણ' અથવા 'નિયાણુ' શબ્દ વપરાય છે. નિદાન શબ્દના બે અર્થ છે : (૧) નિદાન એટલે પૃથક્કરણ અને (૨) નિદાન એટલે નિશ્ચિત દાન.

જૈન શાસ્ત્રોમાં 'નિયાણુ' શબ્દ નિશ્ચિત દાનના અર્થની દૃષ્ટિએ પ્રયોજાયેલો છે. પરંતુ અહીં તે સ્થૂલ કોઈ દ્રવ્યના દાનના અર્થમાં વપરાયો નથી. ચિત્તનું દાન યર્થાત્ કોઈ પણ એક વિષય કે વિચારમાં ચિત્તને તીવ્રપણે અર્પી દેવું તે અર્થમાં 'નિદાન', 'નિયાણ', 'નિયાણુ' શબ્દ વપરાયો છે. निश्चितं दानं इति निदानं। અથવા भोगाङ्काक्षया नियतं दीयते चित्तं तस्मिंस्तेनेति वा निदानम्। એવી વ્યાખ્યા 'निदान' શબ્દની અપાય છે.

ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ ઊઠે છે અને વિવિધ પ્રકારની અભિલાષાઓ જાગે છે. માણસની ઇચ્છાઓને કોઈ અંત હોતો નથી. ઇન્દ્રિયજન્ય વિવિધ પ્રકારનાં સુખ ભોગવવાની ઇચ્છા માણસને કુદરતી રીતે થાય છે. કેટલાંક ભૌતિક સુખ સહજ પ્રાપ્ત થાય છે; કેટલાંક સુખ માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. ક્યારેક પુરુષાર્થ કર્યા વગર જ પ્રાપ્ત થતાં સાંસારિક સુખો તે પૂર્વનાં સંચિત પુણ્યકર્મના ઉદયે જ થાય છે એમ માનવામાં આવે છે. કેટલાક એને પ્રારબ્ધ કહે છે; પરંતુ આવા પ્રારબ્ધમાં પણ કોઈક નિયમ પ્રવર્તતો હોય છે અને તે નિયમ છે કર્મનો.

કોઈક વખત એક તરફ શુભ કર્મનું ઉપાર્જન થતું હોય અને બીજી બાજુ ચિત્તમાં સુખોપભોગની તીવ્ર અભિલાષા જન્મતી હોય એવું બને છે. કોઈક વખત ઉપાર્જિત શુભ કર્મના ઉદયરૂપે એ અભિલાષા સંતોષાય છે.

કર્મની નિર્જરા અને શુભ કર્મના ઉપાર્જન માટેનું મોટામાં મોટું એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધન તે બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા છે. શુભ ભાવથી કરેલી કઠોર તપશ્ચર્યા ક્યારેય નિષ્ફળ જતી નથી; પરિણામ જન્માવ્યા વિના તે રહેતી નથી. અમુક સિદ્ધિઓ મનુષ્યને આવા પ્રકારનાં કોઈક ને કોઈક તપને પરિણામે મળતી હોય છે. આવી સિદ્ધિ વગર-ઇચ્છાએ, એની પોતાની મેળે મળે તેવું પણ ઘણી વાર બને છે. કોઈક વાર મનુષ્ય પોતાના તપના બદલામાં કશુંક પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે અને એ રીતે પણ તે પ્રાપ્ત થાય છે.

કેટલીક વખત કોઈક વસ્તુની પ્રાપ્તિ અર્થે માણસ તપશ્ચર્યા શરૂ કરે છે અથવા તપશ્ચર્યા કરતાં કરતાં કે કર્યા પછી તેના ફળરૂપે માણસ કોઈક ઇચ્છાનું ચિત્તમાં સેવન કરે છે. તપના બદલામાં કોઈક ફળ ઇચ્છવું તેને 'નિયાણુ' કહે છે. 'નિયાણુ બાંધવું' અથવા 'નિયાણુ કરવું' એવો રૂઢ પ્રયોગ વપરાય છે. નિયાણુ બાંધવાનો કે કરવાનો જૈન શાસ્ત્રોમાં નિષેધ ફરમાવવામાં આવ્યો છે, કારણ કે નિયાણુ બાંધવાથી તેનું ફળ જોકે પ્રાપ્ત થાય છે, પરંતુ તેના પરિણામે પછીથી જે શુભાશુભ કર્મો બંધાય છે – વિશેષતઃ જે અશુભ કર્મો બંધાય છે – એનાથી ભવપરંપરા વધે છે અને તે દુર્ગતિનું કારણ બને છે.

નિયાણુ ત્રણ પ્રકારનાં ગણાવવામાં આવ્યાં છે : (૧) પ્રશસ્ત નિયાણુ, (૨) ભોગકૃત નિયાણુ અને (૩) અપ્રશસ્ત નિયાણુ.

તપના ફળરૂપે સાધુપણું, બોધિલાભ, સમાધિમરણ, ઇત્યાદિ સંયમની આરાધના માટેની સામગ્રીની અભિલાષા કરવી એ પ્રશસ્ત નિયાણુ છે. તપના ફળરૂપે સ્ત્રી-પુત્રાદિકની ઇચ્છા કરવી, ઇન્દ્રિયાર્થ પદાર્થોના સુખની અભિલાષા કરવી, ચક્રવર્તી કે દેવદેવીનાં સુખની વાંછના કરવી તે ભોગકૃત નિયાણુ છે. તપના ફળરૂપે કોઈકને મારી નાખવાની, કોઈકના શુભ કાર્યમાં વિઘ્ન નાખવાની, કોઈકને તન કે ધનની હાનિ પહોંચાડવાની કે કશાકનો વિનાશ કરવાની ઇચ્છા કરવી તે અપ્રશસ્ત નિયાણુ છે.

તપના ફળરૂપે વિશેષપણે જીવો ભોગકૃત નિયાણુ બાંધે છે. તપના ફળરૂપે ભોગોપભોગ ભોગવવાની ઇચ્છા માણસને વધુ થાય છે, કારણ કે મોક્ષપ્રાપ્તિનું પોતાનું લક્ષ્ય ભૂલી જઈને, સંસારમાં પોતાના કરતાં વધુ સાંસારિક સુખો ભોગવતા જીવોને જોઈને તેવું સુખ ભોગવવા જીવ લલચાય છે. એને પરિણામે ધનસંપત્તિ, ભોગોપભોગનાં સાધનો, સ્ત્રી-પુત્રાદિક પરિવાર, સત્તા, કીર્તિ વગેરેની અભિલાષા તીવ્ર બનતાં ક્યારેક સભાનપણે, તો ક્યારેક અભાનપણે નિયાણુ બંધાઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહસ્થજીવન કરતાં સાધુજીવનમાં નિયાણુ બાંધવાનો સંભવ વિશેષ છે, કારણ કે સાધુનું સમગ્ર જીવન તપશ્ચર્યારૂપ છે. અલબત્ત અન્ય પક્ષે સાચા સાધુજીવનમાં ગૃહસ્થ કરતાં ચિત્તની જાગૃતિનો કે અપ્રમત્તતાનો સંભવ વિશેષ હોય છે. એટલે એ દૃષ્ટિએ વિચારીએ તો ક્યારેક સાધુજીવન કરતાં ગૃહસ્થજીવનમાં નિયાણુનો સંભવ વિશેષ હોય છે.

નિયાણુ બાંધવાની બાબતમાં જૈન આગમગ્રંથોમાં સંભૂતિ મુનિ અને નંદિષેણ મુનિનાં ઉદાહરણો સુપ્રસિદ્ધ છે. સંભૂત મુનિએ ઘણી કઠોર તપશ્ચર્યા કરી હતી, અને તપસ્વી તરીકે તેમનું નામ ચારે બાજુ સુપ્રસિદ્ધ થઈ ગયું હતું. આવા મુનિને વંદન કરવા માટે અનેક લોકો આવવા લાગ્યા હતા. ખુદ સનતકુમાર ચક્રવર્તીને પણ આવા મુનિનાં દર્શન કરવા જવાનું મન થયું. પોતાના પરિવાર સાથે તેઓ ગયા અને વંદન કરવા લાગ્યા, એ વખતે સનતકુમાર ચક્રવર્તીની રાણીઓમાં સર્વશ્રેષ્ઠ રાણી – સ્ત્રીરત્ન જેવી રાણી સુનંદા જ્યારે વંદન કરતી હતી ત્યારે નીચાં નમતાં તેના ચોટલાના વાળનો અગ્રભાગ સંભૂતિ મુનિને જરાક સ્પર્શી ગયો.

આટલો સ્પર્શ થતાં જ સંભૂતિ મુનિએ રોમાંચ અનુભવ્યો. તેમના મનમાં થયું કે આ સ્ત્રીના વાળનો જો આટલો બધો પ્રભાવ હોય તો તે સ્ત્રી પોતે તો કેવી હશે ? આવી કોઈક સ્ત્રી જન્માન્તરમાં પોતાને ભોગવવા મળે તો કેવું સારું ! પરંતુ એવી રત્ન સમાન સ્ત્રી તો માત્ર ચક્રવર્તી રાજાઓને જ મળે. આથી સંભૂતિ મુનિએ આ પ્રમાણે નિયાણુ બાંધ્યું : 'મેં જે કંઈ ઉગ્ર તપશ્ચર્યા કરી છે તેના ફળરૂપે જન્માન્તરમાં મને ચક્રવર્તીપણું પ્રાપ્ત થાઓ.'

આ નિયાણુના પરિણામે પછીના એક જન્મમાં સંભૂતિ મુનિનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી થાય છે અને સ્ત્રીસુખ ભોગવે છે. પરંતુ ચક્રવર્તીના જીવનમાં તો અનેક મોટાં પાપો કરવાના પ્રસંગો આવતા હોય છે. એટલે જ ત્યાગ અને સંયમના માર્ગે ન ગયેલા ચક્રવર્તીઓ ભૌતિક સુખ અને સત્તા ભોગવતાં ચક્રવર્તી તરીકે મૃત્યુ પામે તો ભવાન્તરમાં નરકગતિ પામતા હોય છે. તેવી રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તી પણ નરકગતિ પામે છે.

બીજું ઉદાહરણ નંદિષેણ મુનિનું છે. તેઓ પણ નિયાણુ બાંધી ભવાન્તરમાં દુર્ગતિ પામે છે. નંદિષેણ મુન બીજા સાધુઓની વૈયાવચ્ચ કરવા માટે સુપ્રસિદ્ધ હતા. દેવો એમની કસોટી કરવા આવે છે અને એ કસોટીમાંથી પણ તેઓ પાર પડે છે; પરંતુ એક વખત રૂપવતી રમણીઓને જોતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુવતીજનવલ્લભ થવાનું તેમને મન થાય છે. પરિણામે તેઓ પણ એવું જ નિયાણુ બાંધે છે. એમનું તપ એટલું મોટું હતું કે જન્માન્તરમાં તેઓ એવું સુખ પ્રાપ્ત કરે છે, પરંતુ પરિણામે ત્યારપછી ભવાન્તરમાં તેઓ દુર્ગતિ પામે છે.

જૈન કર્મસિદ્ધાંત પ્રમાણે જેટલા વાસુદેવો થાય છે તેટલા હમેશાં પૂર્વભવમાં નિયાણુ બાંધવાપૂર્વક થાય છે, અને વાસુદેવ થયા પછી ભવાન્તરમાં તેઓ અવશ્ય નરકે જાય છે. એટલા માટે કહેવાયું છે કે જેટલો વાસુદેવો અને બલરામ થાય છે તેમાં વાસુદેવ હમેશાં નીચ ગતિવાળા બને છે અને બલરામ ઊર્ધ્વ ગતિવાળા બને છે.

**उड्ढंगामी रामा केसव सव्वेवि जं अहोगामी ।**
**तित्थवि नियाण कारण मइउं अमइउं इमं वज्जे ।।**

[બધા બલદેવ ઊર્ધ્વ ગતિવાળા હોય છે અને બધા વાસુદેવો નીચ ગતિવાળા હોય છે. ત્યાં પણ એ નિયાણુનું જ કારણ જાણવું. માટે નિયાણાને વર્જવું.]

જૈન પાંડવકથા પ્રમાણે દ્રૌપદીને પાંચ પતિ પ્રાપ્ત થાય છે તે પૂર્વજન્મમાં નિયાણુ બાંધવાને કારણે. દ્રૌપદી પૂર્વભવમાં સુકુમાલિકા નામની રૂપવતી શ્રેષ્ઠીપુત્રી હતી. તે નિરુપાયે, મન વગર, દીક્ષા લઈ સાધ્વી થાય છે. એક વખત પાંચ પુરુષો સાથે સમાગમ કરતી દેવદત્તા નામની વેશ્યાને જોઈને તેવા સુખની અભિલાષા થઈ જતાં સુકુમાલિકા સાધ્વીથી નિયાણુ બંધાઈ જાય છે. પરિણામે જન્માન્તરમાં દ્રૌપદીના ભવમાં તેને પાંચ પતિ મળે છે.

કોઈક વખત કઠોર તપશ્ચર્યા ચાલતી હોય ત્યારે તપનો ઉલ્લાસ ઘટી જાય અને કષ્ટ સહન ન થાય તેવે વખતે તપશ્ચર્યા ન કરનાર એવા જીવો પોતાના કરતાં કેટલા બધા સુખી છે એવો ભાવ જો તીવ્રપણે સેવાય તો તેવે પ્રસંગે અજાણતાં નિયાણુ બંધાઈ જાય છે.

ઉદ્દ્યોતનસૂરિકૃત 'કુવલયમાલા'માં એક ઉંદરની કથા આવે છે. પંદરમા તીર્થંકર ધર્મનાથ ભગવાન વિચરતા હતા ત્યારે એક વખત સમોવસરણમાં એક ઉંદર આવે છે અને તલ્લીન બનીને ધર્મનાથ ભગવાનની દેશના સાંભળે છે. એ ઉંદરને જોતાં જ બધાંને એમ લાગે છે કે આ કોઈ જેવોતેવો જીવ નથી.

ધર્મનાથ ભગવાનને એના વિશે પૂછવામાં આવે છે ત્યારે તેઓ કહે છે, 'આ ઉંદરને અત્યારે જાતિસ્મરણજ્ઞાન થયું છે અને તેથી તે અહીં ઉપદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળવા આવ્યો છે. પૂર્વના એક ભવમાં તે રાજકુમાર હતો. તેણે દીક્ષા લીધી હતી. આરંભમાં તેને સાધુજીવન સારું લાગ્યું; પરંતુ રાજવૈભવમાં ઊછરેલા એવા તેને પછીથી તે ઘણું કઠોર અને કષ્ટપૂર્ણ લાગવા માંડ્યું. તેનાથી ઉગ્ર વિહાર અને તપશ્ચર્યા થતાં નહોતાં. એક દિવસ તે વિહાર કરતો હતો ત્યારે રસ્તામાં એક ખેતરમાં આમતેમ આનંદપૂર્વક દોડાદોડી કરતા ઉંદરોને જોઈને તેના મનમાં ભાવ થાય છે કે 'મારા કરતાં આ ઉંદરો કેટલા બધા સુખી છે ! એમને વિહારનું કોઈ કષ્ટ નથી કે ગોચરીની કોઈ ચિંતા નથી.' આટલો વિચાર આવતાં જ તે યુવાન સાધુથી નિયાણુ બંધાઈ જાય છે. એ સાધુનો જીવ હવે ઉંદર બન્યો છે; પરંતુ ઉંદરના ભવમાં તેને હવે જાતિસ્મરણજ્ઞાન થયું છે અને પોતાના નિયાણા માટે પશ્ચાત્તાપ થાય છે.

આવી રીતે કોઈક વખત તપશ્ચર્યા દરમિયાન બીજા કેટલાક જીવોને ભોગોપભોગ ભોગવતા જોઈને પોતાના કરતાં તેઓ કેટલા બધા સુખી છે તેવો તીવ્ર ભાવ જન્મે તો તે દ્વારા જાણતાં-અજાણતાં નિયાણુ બંધાઈ જાય છે.

કોઈક વખત તપશ્ચર્યા દરમિયાન પોતાને બીજાના તરફથી કષ્ટ પડે અથવા તપશ્ચર્યામાં વિઘ્ન કે વિક્ષેપ પડે તો તેવે વખતે ક્રોધ જન્મે અને તે ક્રોધના આવેગમાં અશુભ નિયાણુ બંધાઈ જાય છે. પોતાને સતાવનાર કે પોતાના તપમાં જાણતાં કે અજાણતાં વિક્ષેપ નાખનાર માનવ, વ્યક્તિ કે પશુપક્ષી વગેરે તિર્યંચને મારવાનો કે મારી નાખવાનો ભાવ જન્મે છે અથવા કોઈક વખત એનું અહિત થાઓ એવો ભાવ પણ પેદા થાય છે. આ પ્રકારનું નિયાણુ તે અશુભ અથવા અપ્રશસ્ત નિયાણુ કહેવાય છે. હરિભદ્રસૂરિએ રચેલી 'સમરાદિત્ય કેવલી'ની કથામાં પુરોહિતપુત્ર અગ્નિશર્મા અને રાજકુમાર ગુણસેન વચ્ચે આ પ્રકારની ઘટના બને છે. પોતાના બેડોળપણાની અવહેલના રાજકુમાર કરે છે તે અગ્નિશર્મા સહન કરી લે છે. જીવનથી કંટાળેલો અગ્નિશર્મા દીક્ષા લે છે. દીક્ષા લીધા પછી માસખમણ કરે છે. તેની ખબર પડતાં પારણું કરાવવા માટે રાજા ગુણસેન નિમંત્રણ આપે છે. પારણું કરવાનું નિમંત્રણ આપ્યા પછી રાજા ગુણસેન દ્વારા અજાણતાં સાધુ અગ્નિશર્માની જે અવહેલના થાય છે તેને પરિણામે ગુણસેનને ભવોભવ મારી નાખવાનું નિયાણુ સાધુ અગ્નિશર્મા બાંધે છે. આવું નિયાણુ બાંધવાને પરિણામે અગ્નિશર્માની પછીના ભવોમાં ઉત્તરોત્તર દુર્ગતિ થાય છે, જ્યારે ગુણસેનનો જીવ ઉત્તરોત્તર ચડિયાતી ગતિ પામી નવમા સમરાદિત્યના ભવમાં કેવળજ્ઞાન પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વૈપાયન નામના તાપસનો પણ અપ્રશસ્ત નિયાણુનો પ્રસંગ છે. એમની ઉગ્ર તપશ્ચર્યામાં વિક્ષેપ પડે છે. તેને પરિણામે આખી દ્વારિકા નગરી બાળી નખવાનું નિયાણુ તેઓ બાંધે છે અને પોતાની તેજોલેશ્યાથી નગરી બાળી નાંખે છે.

ભગવાન મહાવીરસ્વામીના પૂર્વના સોળમા ભવમાં પણ નિયાણુની ઘટના બને છે. તેઓ વિશ્વભૂતિ નામના મુનિ છે. ઉગ્ર તપશ્ચર્યાને કારણે શરીર અશક્ત બન્યું છે. રસ્તામાં ચાલતાં ગાયની અડફેટમાં આવતાં તેઓ પડી જાય છે. તે વખતે એમની મશ્કરી થાય છે. ત્યાર આવેશમાં આવી જઈને ગાયને શિંગડાંથી પકડી જોરથી આકાશમાં તેઓ ઉછાળે છે અને નિયાણુ બાંધે છે કે ભવાન્તરમાં એથી પણ વધુ શક્તિ પોતાને મળે. ઉગ્ર તપશ્ચર્યાયુક્ત નિયાણાને પરિણામે અઢારમા ભવમાં તેઓ ત્રિપૃષ્ઠ વાસુદેવ બને છે.

શ્રેણિક રાજા અને ચેલ્લણા રાણીનો પુત્ર અજાતશત્રુ (અથવા કોણિક) પણ અપ્રશસ્ત નિયાણુ બાંધે છે અને નિયાણુના પરિણામે પોતાના પિતા શ્રેણિકના મૃત્યુનું નિમિત્ત બને છે.

વ્યવહારમાં ભોગકૃત નિયાણુ મુખ્યત્વે નવ પ્રકારનાં બતાવવામાં આવ્યાં છે. માણસને ભૌતિક સુખની વાંછના અતિશય હોય છે. તે પોતાના સુખને બીજાના સુખની સાથે વારંવાર સરખાવે છે, અને બીજાના જેવું સુખ પોતાને પ્રાપ્ત થાય તેવો સંકલ્પ કરવા લાગે છે. આવો સંકલ્પ ઉગ્ર તપની સાથે સંલગ્ન થતાં નિયાણુ બની જાય છે. (૧) રાજા, (૨) શ્રેષ્ઠી, (૩) પુરુષ, (૪) સ્ત્રી, (૫) પર-પ્રવિચાર, (૬) સ્વ-પ્રવિચાર, (૭) અલ્પવિકાર, (૮) દરિદ્રી અને (૯) વ્રતધારી શ્રાવક એવાં મુખ્ય નવ પ્રકારનાં ભોગકૃત નિયાણુ શાસ્ત્રોમાં ગણવામાં આવ્યાં છે.

કોઈકને રાજા કે શ્રેષ્ઠીનું સુખ ભોગવવાની ઇચ્છા થાય છે; કોઈકને પુરુષપણું તો કોઈકને સ્ત્રીપણું સુખ માટે વધુ અનુકૂળ અને યોગ્ય લાગે છે; કોઈકને દેવદેવીઓના ભોગ ભોગવવાની ઇચ્છા થાય છે; કોઈકને દરિદ્ર અર્થાત્ અકિંચન રહેવામાં ભૌતિક સુખની શક્યતા વિશેષ જણાય છે; તો કોઈકને વ્રતદારી શ્રાવક બનાવવામાં વધારે સુખ લાગે છે.

આમ મુખ્ય નવ પ્રકારનાં ભોગકૃત નિયાણુ ગણાવવામાં આવે છે. પણ તે ઉપરાંત બીજાં અનેક પ્રકારનાં નિયાણુ હોઈ શકે. દુનિયામાં સૌથી વધુ સુખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોણ ? – એ પ્રશ્નના જવાબમાં ચક્રવર્તી રાજાથી માંડીને ભિખારી સુધીની તમામ અવસ્થાઓ ભિન્ન ભિન્ન અપેક્ષાએ વધુ કે ઓછી સુખી લાગવાનો સંભવ છે. કાશીએ કરવત મુકાવવા ગયેલા કોઈક દુઃખી મોચીને 'ભવાન્તરમાં તારે શું થવું છે ?' એમ પૂછવામાં આવતાં જે જે સુખી વ્યક્તિઓનાં જીવનનો એણે વિચાર કર્યો તે દરેકના જીવનમાં દુઃખ પણ એટલું જ એણે જોયું અને છેવટે એને લાગ્યું કે મોચી જેવું કોઈ સુખી જીવન નથી. માટે એણે કહ્યું, 'મેલ કરવત ! મોચીના મોચી.'

જેઓ ભોગકૃત નિયાણુ બાંધે છે તેઓની આરાધના નિષ્ફળ જાય છે. એવાં મનુષ્યો, સર્વ દુઃખરૂપી રોગનો નાશ કરનાર એવા સંયમનો ભોગકૃત નિયાણુ દ્વારા નાશ કરે છે.

કોઈક વખત પોતાના તપના ફળરૂપે આત્મવિકાસમાં સહાયરૂપ અને પુરુષત્વ, શરીરબળ, વજ્રવૃષભનારાચાદિ સંઘયણ વગેરે ઉત્તમ વસ્તુઓની યાચના માણસ કરે છે. આ પ્રકારનું નિયાણુ તે પ્રશસ્ત નિયાણુ કહેવાય છે. 'મને મોક્ષગતિ પ્રાપ્ત થાઓ', 'મને હમેશાં તીર્થંકર પરમાત્માનું શરણ મળી રહો', 'મારાં કર્મોનો ક્ષય થઓ' 'મારાં દુઃખોનો ક્ષય થાઓ', 'મને સમ્યક્‌બોધિ પ્રાપ્ત થાઓ', 'મને સમાધિમરણ સાંપડો' – ઇત્યાદિ પ્રકારનાં નિયાણુ તે પ્રશસ્ત નિયાણુ ગણાય છે. અલબત્ત આ નિયાણુ પણ અંતે તો શલ્યરૂપ છે.

ગૌતમસ્વામીનો ભગવાન મહાવીરસ્વામી પ્રત્યેનો રાગ પ્રશસ્ત હતો પરંતુ તે કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ હતો, તેવી રીતે પ્રશસ્ત નિયાણુ પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે. તેથી આવું શુભ નિયાણુ પણ અભિમાનને વશ થઈ, માનકષાયથી પ્રેરાઈને, દ્વેષ કે ઈર્ષ્યાથી અન્ય જીવોને પરાજિત કરવાના કે પાછળ પાડી દેવાના આશયથી બંધાયું હોય અથવા બંધાયા પછી એવો કોઈ અશુભ આશય ચિત્તમાં થવા લાગે તો તે નિયાણુ પ્રશસ્ત મટીને અપ્રશસ્ત બની જાય છે. તીર્થંકર, ગણધર, આચાર્ય વગેરે બનવાની અભિલાષામાં જો સૂક્ષ્મ માનકષાય રહેલો હોય તો તે માટેનું નિયાણુ પણ અપ્રશસ્ત બની જાય છે.

**माणेण जाइकुलरुवमादि आइरियगणधरजिणत्तं ।**
**सोभग्गाणादयं पत्थंतो अप्पसत्थं तु ।।**

પ્રશસ્ત નિયાણુ સમ્યક્ ભાવથી અને સાચી દૃષ્ટિથી જો બંધાયું હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષમાર્ગ પર દૃઢ રહેવામાં સહાયભૂત બને છે. અજ્ઞાની જીવને ખબર નથી હોતી કે ભવાન્તરમાં પોતાને ક્યાં ક્યાં, કેવી રીતે રખડવાનું આવશે. કોઈક ભવમાં મનુષ્યજન્મ પ્રાપ્ત થયો હોવા છતાં આખો અવતાર મિથ્યાત્વના અંધકારમાં પૂરો થઈ જાય છે. એટલા માટે ભવોભવ તીર્થંકર પરમાત્માનું શરણ પોતાને સાંપડે એવું પ્રશસ્ત નિયાણુ અમુક કક્ષાના જીવોને માટે ઇષ્ટ ગણાયું છે. 'જયવીયરાય' નામના સ્તોત્રમાં વીતરાગ પ્રભુની સ્તુતિમાં કહેવાયું છે :

**वारिज्जइ जइ वि नियाणबंधणं वीयराय तुह समये ।**
**तहवि मम हुज्ज सेवा भवेभवे तुम्ह चलणाणं ।।**

[હે વીતરાગ પ્રભુ ! તમારા સિદ્ધાંત પ્રમાણે તો નિયાણુ બાંધવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તો પણ હે પ્રભુ ! ભવોભવ તમારાં ચરણોની સેવા કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડે એવું ઇચ્છું છું.]

આ નિયાણુ પ્રશસ્ત છે. જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી એ માર્ગથી વિચલિત ન થવાય એ માટેનું આ નિયાણુ છે. આવું પ્રશસ્ત નિયાણુ કેટલીક અપેક્ષાએ દોષરૂપ ગણાતું નથી. અલબત્ત એથી ઉચ્ચતર સ્થિતિ તો એ જ છે કે નિયાણુ બાંધ્યા વગર પણ જીવાત્મા પોતાના સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન વડે મોક્ષમાર્ગ પર સ્વયમેવ દૃઢ રહી શકે; પરંતુ એમ બનવું તે કોઈક વિરલ આત્માઓ માટે જ શક્ય છે. બધા જીવો માટે એ શક્ય કે સરળ નથી. નિયાણુ ન કરવા છતાં રત્નત્રયીના સાચા આરાધકને અન્ય જન્મમાં માનવદેહ, પુરુષત્વ, સુગુરુનો યોગ, સંયમની આરાધના વગેરે અવશ્ય પ્રાપ્ત થાય છે. કહ્યું છે :

**पुरिसत्तादीणि पुणो संजमलाभो च होई परलोए ।**
**आराघस्स णियमा तत्थमकदे णिदाणे वि ।।**

[નિયાણુ ન કરવા છતાં આરાધકને અન્ય ભવમાં પુરુષત્વ ઇત્યાદિ સંયમલાભ અવશ્ય થાય છે.]

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારનાં શલ્ય બતાવવામાં આવ્યાં છે : માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્ય. શલ્ય એટલે કાંટો. જેમ મિથ્યાત્વ અને માયા આત્મામાં કાંટાની જેમ ભોંકાયા કરે છે અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે, તેવી રીતે નિયાણુ માણસને પોતાની ઇચ્છા પ્રમાણે ભોગ વગેરેની પૂર્તિ જોકે કરાવે છે, તો પણ અંતે તો શલ્ય જ છે, કારણ કે એથી નિકાચિત કર્મ બંધાય છે અને એને પરિણામે તે આત્માને પ્રતિબંધક બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયાણુ કરવામાં જે કર્મબંધન થાય છે તે ભલે શુભ કે અશુભ પ્રકારનાં હોય પણ તે નિકાચિત કર્મ હોય છે અને તેથી ઉદયમાં આવતાં તે કર્મ અવશ્ય ભોગવવાં જ પડે છે. એટલા માટે નિયાણુ આત્મવિકાસમાં – મુક્તિ પ્રાપ્ત કરવામાં – પ્રતિબંધક બને છે. જેઓ નિયાણુ કરે છે તેમને માટે સમકિત અને સર્વવિરતિ દુર્લભ બને છે અને હોય તો પણ તે ચાલ્યાં જાય છે. માટે જ સાચા મુમુક્ષુ મુનિઓ ક્યારેય નિયાણુ બાંધતા નથી.

એક પ્રશ્ન એવો થાય છે કે શું નિયાણુ હમેશાં સફળ જ થાય ? કોઈ વખત નિષ્ફળ ન જાય ? એનો ઉત્તર એ છે કે જો તે નિયાણુ હોય તો અવશ્ય ફળ આપે અને જો તે સફળ ન થાય તો તે નિયાણુ નથી, માત્ર અભિલાષા છે.

માણસો વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરે છે. તેમાં મન, વચન અને કાયાનો ઉત્કૃષ્ટ યોગ હોય તો તે ઊંચા પ્રકારની તપશ્ચર્યા બને છે. કેટલીક વખત માણસની તપશ્ચર્યા કાયાથી સવિશેષ હોય પણ તેની સાથે મનના તેવા ઉચ્ચતમ ભાવો ન પણ જોડાયા હોય; કેટલીક વખત મનના ઉચ્ચતમ ભાવો હોય, પરંતુ તેને અનુરૂપ કાયિક તપશ્ચર્યા ન પણ હોય. પોતાની તપશ્ચર્યા કેવી થઈ રહી છે તે બીજાંઓ કરતાં માણસને પોતાને વધારે સમજાય છે, પરંતુ કેટલીક વખત તપશ્ચર્યા વખતે મન, વચન અને કાયાના યોગોની ઉત્કૃષ્ટતા કેટલી છે તેની ખુદ પોતાને પણ ખબર નથી પડતી. એટલે તપશ્ચર્યા સાથે પોતે કરેલો સંકલ્પ નિયાણુમાં પરિણમ્યો છે કે નહિ તેની કેટલીક વાર ખુદ પોતાને પણ ખબર પડતી નથી. વળી ઇન્દ્રિયાર્થ પદાર્થોનો યોગ, અનુભવ, વાસના, સ્મરણ, સંકલ્પ, ભાવના, ધ્યાન, અભિલાષા ઇત્યાદિ વિવિધ તબક્કાઓમાંથી ચિત્ત પસાર થાય છે. એટલે દરેક ઇચ્છા એ નિયાણુ નથી. પરંતુ ઉગ્ર તપશ્ચર્યા સાથે તીવ્ર રસપૂર્વક અભિલાષ સહિત કરેલો દૃઢ સંકલ્પમાત્ર નિયાણુ બને છે.

પ્રસંગ સાંપડ્યો હોય છતાં પણ નિયાણુ ન બાંધે એવા મહાત્માઓનાં દૃષ્ટાંતો પણ જોવા મળે છે. જ્યારે ઘણી ઘોર તપશ્ચર્યા થઈ હોય ત્યારે દેવો આવીને તેવા તપસ્વીઓની કંઈ ઇચ્છા હોય તો તે પૂરી કરવા માટે વિનંતી કરતા હોય છે. પરંતુ તામલી તાપસ કે નમિ રાજર્ષિ જેવા મહાત્માઓએ પોતાના તપને વટાવી ખાવાનો ઇન્કાર કર્યો હતો. ભગવાન મહાવીરસ્વામીને, કેવળજ્ઞાન થયું તે પૂર્વે સંગમદેવે પણ એવી વિનંતી કરી હતી. પરંતુ મહાવીરસ્વામીએ તેનો અસ્વીકાર કર્યો હતો. તપ દ્વારા જે કર્મની નિર્જરા થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે એટલી બધી મહત્ત્વની હોય છે કે તેના બદલામાં કંઈક યાચના કરવી એ મોંઘી વસ્તુ આપીને સસ્તી વસ્તુ લેવા બરાબર છે – છેતરાવા બરાબર છે. એથી અંતે તો આત્માને જ હાનિ થાય છે. એટલા માટે જ કહેવાયું છે કે :

सुवहुपि तवंपि तंसु दीहंमवी पालिअं सुसामन्नं ।
तो काउण नियाणं मुहाहि हारंति अत्तानं ।।

[રૂડી રીતે તપ કરીને સુસાધુપણું પામ્યો, તો પછી નિયાણુ કરીને શા માટે આત્માને ફોગટ હારે છે ?]

सीलवाइं जो बहु फलाइं हंतुणसुहमहिलसइधिइ ।
दुब्बलो तवसी कोडीए कांगणि कुणाइ ।।

[જે શીલવ્રતાદિક બહુ ફળ આપનારાં છે તે ફળને હણીને જે તુચ્છ સુખની વાંછા કરે છે તે દુર્બળ બુદ્ધિવાળો તપસ્વી કાંગણી જેવા તુચ્છ ધાનને માટે કોડી ધન ગુમાવે છે.]

તપશ્ચર્યામાં ઉત્કૃષ્ટ અને અતિ કઠિન એવી તે સંલેખના છે. સંલેખના એટલે મારણાંતિક અનશન. એવી તપશ્ચર્યા અંતિમ આરાધનારૂપે મહાત્માઓ કરતા હોય છે ત્યારે ચિત્તની વિશુદ્ધ સમાધિમાંથી તેઓ જો વિચલિત થઈ જાય અને આ લોકનાં કે પરલોકનાં સુખની વાંછા કરવા લાગે, અથવા પોતાને માટે માનપાનયુક્ત મહોત્સવની ઇચ્છા કરવા લાગે, અથવા એવો મહોત્સવ જોઈ વધુ જીવવાની ઇચ્છા કરવા લાગે, તો સંલેખનાવ્રતના આ અતિચારો છે અને તેનું સેવન ન થાય તે માટે ચિત્તને સજાગ રાખવું ઘટે, કે જેથી તે નિયાણુમાં ન પરિણમે.

પોતાનાથી નિયાણુ ન બંધાય એ માટે માણસે ઇચ્છાનિરોધની વૃત્તિ કેળવવી જોઈએ. ચિત્તમાં તૃષ્ણાઓ સતત જાગતી રહે છે. સાધકે ક્રમે ક્રમે તૃષ્ણાઓ ઓછી કરતાં જવું જોઈએ. કેટલાક માણસો અજાચકવ્રત ધારણ કરતા હોય છે, અને અનાસક્ત ભાવે પોતાનું કર્તવ્ય કરતા જાય છે. બદલામાં સ્થૂળ લાભની ઇચ્છા તેઓ નથી કરતા. પણ પોતે કરેલા કાર્યની પ્રશંસાની કે માનપાનની સૂક્ષ્મ એષણા ક્યારેક તેમના મનમાં રહે છે. જેઓ ખરેખર મહાન છે તેઓ તો બીજી એષણાઓ ઉપરાંત લોકૈષણાથી પણ પર થઈ જાય છે. આવા મહાત્માઓની નિયાણુરહિત તપશ્ચર્યા તેમને મુક્તિ તરફ ત્વરિત ગતિ અપાવે છે.

❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org